ભાજપની ડબલ એન્જિન સરકારમાં ખેડૂતો , યુવાનો , મહિલાઓ સહિત તમામ વર્ગના લોકો ત્રાહિમામ પોકારી ગયા

રાહત પેકેજમાં ભેદભાવ કરાય છે : અમિત ચાવડા

કોંગ્રેસની જનઆક્રોશ યાત્રા મહેમદાવાદ, માતર બાદ નડિયાદ પહોંચી

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

જન આક્રોશ યાત્રાના ત્રીજા દિવસે ખેડા જિલ્લાના મહેમદાવાદથી શરૂ થઈ હતી. ત્યારબાદ યાત્રા વિરોલ છાપરા, માતર, ત્રાજ, લીંબાસી, મકવાળા, દેથળી, આલિંદ્ર અને વસો માર્ગે નડિયાદ શહેર તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે, ભાજપ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. રાહત પેકેજમાં પણ ભેદભાવ કરવામાં આવે છે અને તાજેતરમાં જાહેર કરાયેલા રાહત પેકેજમાં હજુ સુધી ખેડૂતોને કોઈ સહાય મળી નથી. ખેડૂતોને જ્યારે ખાતરની જરૂરિયાત છે ત્યારે ખાતર મળતું નથી. ભાજપના મળતિયાઓ ખાતરની કાળાબજારી કરી રહ્યા છે.

ખેડા જિલ્લાના ગામમાં ગોચરની જમીનમાં ગ્રામજનોના વિરોધ છતાં બોકસાઈટની લીઝ ફાળવવામાં આવી છે. આ સિવાય રાજ્યભરમાં ગોચરની જમીનો પર ભાજપના નેતાઓ કબજો જમાવીને બેઠા છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતો અને પશુપાલકો ક્યાં જાય? નડિયાદમાં રોડ-રસ્તાઓની હાલત ખૂબ ખરાબ છે અને તેમ છતાં બ્લેકલિસ્ટ કરાયેલી એજન્સીઓને ફરી કામ આપવામાં આવે છે. અને વિકાસના નામે માત્ર પોતાના ખિસ્સા ભરવામાં આવે છે. નડિયાદ સહિત શહેરોમાં રખડતા ઢોરનો ત્રાસ છે. ઘણી જગ્યાએ લોકોના મૃત્યુ પણ થયા છે, છતાં પણ મનપા દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. ખેડા જિલ્લામાં અનેક સ્થળોએ ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ખોદકામ કરવામાં આવે છે, માટીની હેરફેર થાય છે અને બેફામ ડમ્પરો લોકોના જીવ લે છે. છતાં પણ વહીવટી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી, કારણ કે તેમાં અધિકારીઓના હપ્તા ચાલે છે અને મોટા ભાગના માફિયાઓ ભાજપ સરકારના મળતિયાઓ છે. આ જન આક્રોશ યાત્રામાં ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાળુસિંહ ડાભી, કાર્યકારી પ્રમુખ મહેન્દ્રસિંહભાઈ, પ્રદેશ ઉપપ્રમુખ બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયાં હતાં.

ખેડા શહેરમાં યાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયું

ખેડામાં પહોંચેલી જનઆક્રોશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. ખેડાના મેલડી મઠ ખાતે માના દર્શન કર્યા હતા. બાદમાં રેલી શહીદ ભગતસિંહ ચોક પાસે પહોંચી હતી. ભગતસિંહની પ્રતિમાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યાં હતાં. સરદાર ચોક વિસ્તારમાં સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી ખેડા ચોકડી પાસે મહારાણા પ્રતાપની પ્રતિમાને ફુલહાર કરી યાત્રાએ માતર તરફ પ્રયાણ કર્યું હતું. ખેડામા યાત્રા આવી તે દરમ્યાન ખેડાના કોંગ્રેસના આગેવાન સંજયભાઈ પટેલ, ખેડા શહેર કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રભાઈ માલી, દિનેશભાઈ સુથાર સહીત તાલુકામાંથી આવેલા કાર્યકર્તાઓએ યાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યું હતું.

જીટોડીયાના મરિયમ દેવાલય ખાતે શાંતા પરેડ યોજાઇ

ચરોતરમાં ક્રિશ્ચિયન ધર્મજનો માટે નાતાલનો પવિત્ર તહેવારના દિવસોની શરૂઆત થઈ છે. આ પવિત્ર અઠવાડિયા દરમિયાન નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય ચાવડાપુરા જીટોડીયા ખાતે મુખ્ય સભા પુરોહિત ફાધર જગદીશ મેકવાન દ્વારા શાંતા પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શાંતા પરેડમાં મોટી સંખ્યામાં ધર્મજનો સાન્તા ક્લોસના લાલ ડ્રેસમાં માથે લાલ ટોપી મૂકીને ઉપસ્થિત રહ્યા હતા અને ક્રિષ્ના કોર્નર થી શરૂ થયેલી શાંતા પરેડ ચર્ચ ખાતે સમાપ્ત થઈ હતી. આ સમયે ચર્ચ કમ્પાઉન્ડમાં 30 ફૂટ ઊંચા ક્રિસ્મસ ટ્રી નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચર્ચના મુખ્ય સભા પુરોહિત ફાધર જગદીશ મેકવાને જણાવ્યું હતું કે, ચાવડાપુરા જીટોડિયા ધર્મ વિભાગ માટે આજે આનંદનો અવસર છે. ફાધર એ આ 30 ફૂટ ઊંચા ક્રિસમસ ટ્રીને ખુલ્લુ મુકતા આ નાતાલનો તહેવાર સૌના માટે યાદગાર બની રહેશે તેમ જણાવ્યું હતું.

ઉમરેઠમાં એક્ટિવા અને બાઈક અથડાતાં 1નું મોત

સુલતાનપુરા પાટીયા નજીક અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.22

ઉમરેઠના બેચરી-સુરેલી રોડ ઉપર સુલતાનપુરા પાટીયા પાસે પુરઝડપે આવતી બાઈકે એક્ટિવાને ટક્કર મારી હતી. જેના કારણે બાઇક ચાલકનું જ મોત નિપજ્યું હતું.

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ગામે રહેતા ભગવતભાઈ ઝાલાના જમાઈ હિતેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ પરમાર (રહે. વડોદરા) તેમની પત્ની વર્ષાબેન અને ભાણી આશાબેન સાથે એક્ટિવા પર સુંદલપુરાથી ઉમરેઠ ખરીદી કરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન સુલતાનપુરા પાટીયા નજીક સામેથી આવતા એક બાઈક ચાલકે પોતાની મોટરસાયકલ પુરઝડપે હંકારી એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે એક્ટિવા સવાર ત્રણેય વ્યક્તિઓ અને બાઈક પર સવાર બે વ્યક્તિઓ રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં એક્ટિવા ચાલક હિતેન્દ્રસિંહ, તેમના પત્ની, ભાણી અને બાઈકની પાછળ બેઠેલા વ્યક્તિને ઓછી-વત્તી ઈજાઓ થઈ હતી, જ્યારે અકસ્માત સર્જનાર બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બાઈક ચાલકનું ટૂંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. આ મામલે ભગવતભાઈ ઝાલાએ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક બાઈક ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વીરપુરથી બારને જોડતા મુખ્ય રોડ પર નર્કાગાર સ્થિતિ છતાં તંત્ર ચૂપ !

સરકારી કચેરીઓના ઉબરે ગટરના પાણીની દુર્ગંધથી જનતા ત્રાહિમામ

(પ્રતિનિધિ) વીરપુર તા.22

વીરપુરથી બારને જોડતા મુખ્ય માર્ગ પર જ્યાં મામલતદાર કચેરી અને કોર્ટ જેવી અગત્યની કચેરીઓ આવેલી છે, ત્યાં ગટરના ગંદા પાણી ઉભરાતા રાહદારીઓ અને રહીશો માટે જીવવું દુષ્કર બન્યું છે. આ વિસ્તારમાં સરકારી કચેરીઓ અને કોલેજ હોવાથી સતત અવરજવર રહેતી હોવા છતાં, રસ્તા પર ફરી વળેલા દૂષિત પાણીને કારણે અહીંથી પસાર થવું એ લોકો માટે એક મોટો પડકાર બની ગયો છે.

તસવીરઃ નાથુસિંહ પરમાર

વીરપુરથી બારને જોડતા આ મહત્વપૂર્ણ રસ્તા પર મામલતદાર કચેરી, કોર્ટ, આઈ.ટી.આઈ. કોલેજ અને સરકારી ગોડાઉન જેવી અસંખ્ય મહત્વની સરકારી સંસ્થાઓ આવેલી છે. આ કચેરીઓમાં પોતાના કામ અર્થે આવતા લાભાર્થીઓ અને વિદ્યાર્થીઓને કારણે દિવસ દરમિયાન આ રસ્તા પર વાહનોની સતત અવરજવર રહે છે અને મોટા પ્રમાણમાં રાહદારીઓનો ધસારો જોવા મળે છે.

જોકે, હાલમાં આ રસ્તાની પરિસ્થિતિ અત્યંત દયનીય બની છે. ગટર લાઈનનું દૂષિત અને બદબૂદાર પાણી રસ્તા પર ફરી વળ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. આ ગંદકી અને કાદવને કારણે રસ્તા પરથી પસાર થવું જાણે માથાનો દુખાવો બની ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. માત્ર મુસાફરો જ નહીં, પરંતુ આસપાસની સોસાયટીના રહીશો પણ આ ગંદકી અને દુર્ગંધથી ત્રાહિમામ પોકારી રહ્યા છે. તંત્રની ઉદાસીનતાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિ એક એવા અવરોધ જેવી છે જ્યાં પ્રગતિના માર્ગ પર ગંદકીનું ગ્રહણ લાગ્યું હોય, જેના કારણે સામાન્ય નાગરિકોએ પોતાની પાયાની સુવિધા માટે પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે.

બામરોલીમાં સસ્પેન્ડ મહિલા સરપંચનોડે.સરપંચપરહુમલો

પંચાયતનો વહીવટ કરવા મુદ્દે થયેલી માથાકૂટ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.22

વસો તાલુકાના બામરોલી ગામે સસ્પેન્ડ થયેલા મહિલા સરપંચ અને તેમના પરિવારના સભ્યો દ્વારા ડેપ્યુટી સરપંચના ઘરે જઈ હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.

બામરોલી ગામે યોજાયેલી પેટા ચૂંટણીમાં જશોદાબેન દશરથભાઈ સોલંકી સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જોકે તેમની સામે જન્મનો દાખલો ખોટો રજૂ કર્યો હોવાની ફરિયાદો ઉઠતા સક્ષમ સત્તાધિકારી દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન પંચાયતનો વહીવટ ડેપ્યુટી સરપંચ મણીબેન નટુભાઈ સોલંકી સંભાળી રહ્યા હતા. જેની અદાવત રાખીને જશોદાબેન અને તેમના સંબંધીઓ મણીબેનના ઘરે પહોંચ્યા હતા અને મણીબેનને જણાવ્યું હતું કે, તે મને સરપંચ પદેથી સસ્પેન્ડ કરાવી છે. હવે તું પંચાયતનો કેવો વહીવટ કરે છે ? તે હું જોઈ લઈશ. આટલું કહી જશોદાબેન અને તેમની સાથે આવેલા અન્ય લોકોએ મણીબેનને માર મારવાનું શરૂ કર્યું હતું. આ હુમલામાં ડેપ્યુટી સરપંચના વાળ પકડી તેમને જમીન પર ઢસડ્યા હતા અને ધમકી આપી હતી. આ મામલે વસો પોલીસે જશોદાબેન દશરથભાઈ સોલંકી, તખીબેન રાયસંગભાઈ સોલંકી, હંસાબેન પુંજાભાઈ સોલંકી અને ગુગાભાઈ નટુભાઈ સોલંકી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કેન્સર રિસર્ચ એન્ડ ઇનોવેશન કોન્ક્લેવમાં વૈજ્ઞાનિકોનો સંમેલન , ટેકનોલોજી ટ્રાન્સફર માટે કરાર કરાયાં

વડોદરા | ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા આયોજિત 'કેન્સર રિસર્ચ એન્ડ ઇનોવેશન કોન્ક્લેવ' માં 20થી વધુ સંસ્થાઓના 100થી વધુ અગ્રણી વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોએ કેન્સરની આધુનિક સારવાર પદ્ધતિઓ જેવી કે કાર-ટી સેલ થેરાપી, Bio-AI ડાયગ્નોસ્ટિક્સ અને ફોટોમેડિસિન પર ગહન ચર્ચા કરી હતી,. આ પ્રસંગે GSBTM અને નવી દિલ્હીની બાયોટેક કન્સોર્શીયમ ઈન્ડિયા લિમિટેડ વચ્ચે ટેકનોલોજી ટ્રાન્સફર અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IP) માટે મહત્વપૂર્ણ MoA પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ BCIL રાજ્યમાં વિકસિત ટેકનોલોજીના કોમર્શિયલાઇઝેશન અને યોગ્ય ઇન્ડસ્ટ્રી પાર્ટનર્સની ઓળખમાં મદદ કરશે, જ્યારે GSBTM આ પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહાય પૂરી પાડીને ઇન્ડસ્ટ્રી-એકેડેમિયા સહકાર મજબૂત કરશે.

ધરમપુરના ભવાડા ગામે બે મકાનમાં શોર્ટ સર્કિટથી આગ ફાટી નીકળી

ધરમપુર : ધરમપુરના ભવાડા ગામે બપોરના સુમારે ભવાડા ડુંગરસેતુ ફ.ખાતે રહેતા કાકડુ સોમલા ગાયકવાડ તથા યોગેશ સોમલા ગાયકવાડના બે ગાળાના મકાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. મકાનોના પતરા, ભાત 120 મણ, પલંગ, ગોદડા, કપડાં સહિત ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ધારાસભ્ય અરવિંદ પટેલે અસરગ્રસ્ત વિધવા કાકડુબેન ગાયકવાડ તથા પુત્ર યોગેશ .ગાયકવાડને કપડાં, ધાબળા સહિત વસ્તુઓ આપી હતી

ઉમરેઠ શહેરમાં સફાઈને લઈ સીઓ જાતે મેદાનમાં ઉતર્યા

ચીફ ઓફિસરની સરપ્રાઈઝ વિઝિટ અને કડક સૂચનાઓ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.22

ઉમરેઠ નગરપાલિકાના ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીના માર્ગદર્શન હેઠળ વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત નગરપાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટર કર્ણેશ પંચાલ દ્વારા નગરના જાહેર માર્ગો તેમજ ખૂણે ખાચરે એકઠા થયેલ કચરાને સાફ કરવાની વિશેષ કામગીરી કરવામાં આવી હતી.

ઉમરેઠમાં સ્વચ્છતા અભિયાનની ગંભીરતાને ધ્યાને રાખી ચીફ ઓફિસર ભારતીબેન સોમાણીએ સરપ્રાઈઝ વિઝિટ કરી

તસવીરઃ ધનંજય શુકલ

થઈ રહેલી સાફ-સફાઈનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે જાહેર રસ્તાઓ પર ગંદકી કરતા ઈસમોને કડક સૂચના આપી હતી અને સ્વચ્છતા જાળવવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કામગીરી દરમિયાન નગરના મુખ્ય માર્ગો, બજાર વિસ્તાર, જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, જળાશયો અને રામતળાવ ખાતેના વોક વેની સઘન સફાઈ કરવામાં આવી હતી. ચીફ ઓફિસરે નગરજનો અને વેપારીઓને નગરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા વિનંતી કરી છે. તેમણે કચરાનો યોગ્ય નિકાલ ડસ્ટબીનમાં કરવા તથા નગરપાલિકાની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે ભીના અને સૂકા કચરાનો અલગ-અલગ સંગ્રહ કરવા અપીલ કરી છે.

મહિસાગરનીમતદારયાદીમાંથી 71હજારથીવધુનામકમીકરાયાં

મહિસાગર જિલ્લાના વિકાસની વાતો વચ્ચે 32 હજાર મતદારોએ સ્થળાંતર કર્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

મહીસાગર જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ડ્રાફ્ટ મુજબ જિલ્લાની મતદારયાદીમાંથી 71 હજાર જેટલા નામો રદ્દ થશે. જોકે, સૌથી મહત્વની બાબત એ છે કે, આ ડ્રાફ્ટમાં 32 હજાર મતદાર સિફ્ટેડ બતાવે છે.

મહીસાગર જિલ્લામાં કલેકટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને તેમને SIRની પ્રક્રિયાથી અવગત કરવામાં આવ્યા હતા. અત્રેના જિલ્લામાં કુલ-963 મતદાન મથકો હતાં. જેમાં નવા 71 મતદાન મથકો ઉમેરાતા જિલ્લાના કુલ 1034 મતદાન મથકો થયા છે.

મહિસાગર જિલ્લાની સરની કામગીરી બાદ તૈયાર થયેલી યાદીમાં કુલ 71,750 નામો કમી થયા છે. અગાઉ 8,49,456 નામોમાંથી 7,77,709 નામ મતદાર યાદીના ડ્રાફ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદી મતદાર નોંધણી અધિકારીની કચેરી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ ખાતે તેમજ તમામ મતદાન મથકે અને ગ્રામ પંચાયત ખાતે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લા ચૂંટણી શાખાના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

71 હજાર મતદાર કેવી રીતે ડિલીટ થયાં ?

મહિસાગર જિલ્લામાં કુલ- 8,49,456 મતદારો પૈકી 7,77,709 મતદારોનો ડ્રાફ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં, ગેરહાજર મતદારો- 3579, કાયમી સ્થળાંતર-32,197, મૃત્યુ-29,068, ડુપ્લીકેટ મતદારો-6552, અન્ય કારણો-354 આમ, કુલ મળી 71,750 જેટલાં મતદારોના નામનો સમાવેશ કરાયો નથી.

લુણાવાડાપાસેકતલખાને જતા બે પશુને બચાવાયાં

બાલાસિનોરથી પશુ ભરી ગોધરા જઇ રહ્યુ હતુ, ચાલક ફરાર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

લુણાવાડાના હરદાસપુર પાસે પોલીસે રોકેલા પીકઅપ ડાલામાં તપાસ કરતાં બે પશુને ક્રૂરતાપૂર્વક બાંધેલાં હતાં. આ પશુને કતલખાને લઈ જતા હોવાનું જણાતા પોલીસે ગુનો નોંધ્યો હતો. જોકે, વાહન મુકીને ચાલક ભાગી ગયો હતો. જેની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

લુણાવાડા ટાઉન પોલીસની ટીમ 21મીના રોજ હરદાસપુર ત્રણ રસ્તા પર વાહન ચેકીંગ કરી રહ્યાં હતાં. આ દરમિયાન બાતમી મળી હતી કે, પીકઅપ ડાલામાં બાલાસિનોર તરફથી પશુ ભરી ગોધરા તરફ જતા હોવાની બાતમી મળી હતી. આ બાતમી આધારે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં પીકઅપ ડાલા આવતા તેને રોકવા ઇશારો કર્યો હતો. પરંતુ ચાલકે વાહન બાજુમાં ઉભુ રાખી નાસી ગયો હતો. આથી, પોલીસે પીકઅપ ડાલાનો કબજો લઇ તપાસ કરતાં તેના નં.જીજે 6 એએક્સ 9094 લખેલો હતો. જ્યારે પાછળ બે પશુ ટુંકા દોરડાથી ક્રૂરતાપૂર્વક બાંધેલા હતાં. આથી, આ પશુને કતલખાને લઇ જતા હોવાનું જણાતાં પોલીસે પશુ કિંમત રૂ.40 હજાર, પીકઅપ ડાલુ કિંમત રૂ.2.50 લાખ મળી કુલ રૂ.2.90 લાખનો મુદ્દામાલ જપ્ત કરી પીકઅપ ડાલાના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસે પીકઅપ ડાલાના નંબર આધારે તેના માલીક અને ચાલકની શોધખોળ હાથ ધરી છે.

ચારૂસેટમાં રાજ્યનું સૌ પ્રથમ ડિજિટલ પેપરલેસ એક્ઝામ સેન્ટર કાર્યરત થયું

સંતરામ ભવનના નિર્માણ બદલ ઇપ્કો પરિવારનું સન્માન કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.21

ચારૂસેટ યુનિવર્સિટી ખાતે અધ્યાત્મ, પરોપકાર અને શિક્ષણના ત્રિવેણી સંગમ સમાન નવનિર્મિત 'સંતરામ ભવન' (સાયન્ટીફીકલી એડવાન્સડ ન્યુ-ઇમર્જિંગ ટેક્નોલોજી રિસર્ચ એન્ડ એનાલિટિકલ મૂલ્યાંકન ભવન) નો નામાભિધાન અને ઉદ્ઘાટન સમારોહ સંપન્ન થયો હતો. આ ભવનનું ઉદ્ઘાટન પ્રતિષ્ઠિત સંતો રમેશભાઈ ઓઝા (ભાઈ), કાર્ષ્ણિ સ્વામી ગુરુશરણાનંદજી મહારાજ, ઉમરેઠ સંતરામ મંદિરના મહંત ગણેશદાસજી

મહારાજ અને નડિયાદ સંતરામ મંદિરના સંત નિર્ગુણદાસજી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચારુસેટના પ્રમુખ સુરેન્દ્રભાઈ પટેલ, મુખ્ય દાતા દેવાંગભાઈ પટેલ અને ઈપ્કો પરિવારના સભ્યો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ચારૂસેટના નવપ્રસ્થાપિત સંતરામ ભવનની વિશેષતા એ છે કે, તેમાં ગુજરાતનું સૌપ્રથમ ડીજીટલ પેપરલેસ એક્ઝામ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ કેન્દ્રની મુલાકાત લઈને સંતોએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને ચારુસેટની આ આધુનિક પહેલને બિરદાવી હતી. જેમાં રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે, બદલાતી દુનિયામાં ટેકનોલોજી સાથે તાલ મિલાવવો અનિવાર્ય છે અને આ પેપરલેસ સેન્ટર તેનું ઉત્તમ ઉદાહરણ છે. સ્વામી ગુરુશરણાનંદજીએ શિક્ષણમાં વિનય અને ગુરુની શરણાગતિનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, પટેલોએ માત્ર ધન જ નથી કમાવ્યું પરંતુ સફળ વિદ્યાકેન્દ્રોનું નિર્માણ કરીને સમાજ હિતનું કાર્ય કર્યું છે.

સંતરામ ભવનના નિર્માણમાં ઈપ્કો પરિવારના દેવાંગભાઈ પટેલ અને અનિતાબેન પટેલનું મુખ્ય યોગદાન રહ્યું છે. ચારુસેટના રજીસ્ટ્રાર ડો. બિનિત પટેલે નોંધ્યું હતું કે, ઈપ્કો પરિવારે યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અને રિસર્ચ પ્રકલ્પો માટે અત્યાર સુધીમાં રૂ. 25 કરોડથી વધુનું માતબર દાન આપ્યું છે. પ્રોવોસ્ટ ડો.અતુલ પટેલે મહેમાનોનું સ્વાગત કરી સંસ્થાની પ્રગતિની રૂપરેખા આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com